રજું તારીખ :	૨૭	૦૮	૨૦૦૪
દાખલ તારીખ :	૨૭	૦૮	૨૦૦૪
ફેસલ તારીખ :	૨૬	૦૯	૨૦૧૮
અવધિ	વર્ષ	માસ	દિવસ
	૧૪	૦૦	૩૦

લેબ ૨ કોર્ટ, વડોદરાના કર્મચારી વળતર અધિનિયમ હેઠળ નિમાયેલ કમિશ્નરશ્રી કે. કે. ત્રિવેદી સાહેબ સમક્ષ

<u>આંક</u> : <u>૪૫</u>

<u>ડબલ્યુ. સી. (ફેટલ) નંબર : ૯૨/૨૦૦૪</u>

<u>અરજદાર</u> : **મૈયત ભુપેન્દ્રભાઈ કેસુરભાઈ પટેલના વારસદારો**

(૧) **ગાયત્રીબેન ભુપેન્દ્રભાઈ પટેલ**

(૨) **હિરેન ભુપેન્દ્રભાઈ પટેલ**

<u>બંને રહે.</u>: ૮૬, ચંદ્રલોક સોસાયટી,
ગુજરાત હાઉસીંગ બોર્ડ,
લક્ષ્મીપુરા રોડ, ગોરવા, વડોદરા.

<u>વિરૂધ્ધ</u>

<u>સામાવાળા</u> : (૧) **વાસુદેવ કેમિકલ્સ**
ઠે. સી–૧, બી/૪/૨૨, જી.આઈ.ડી.સી. એસ્ટેટ,
નંદેસરી, જી. વડોદરા – ૩૯૦ ૧૪૦.

(૨) **શ્રીમતી દક્ષાબેન ઠાકોરભાઈ પટેલ**
રહે. ૬, વિનયપાર્ક, પ્રગતિ કો–ઓપરેટીવ બેંક પાછળ,
નિઝામપુરા, વડોદરા–૨.

(૩) **શ્રી જ્યંતિભાઈ ચતુરભાઈ પટેલ**

(૪) **શ્રીમતી શારદાબેન જ્યંતીભાઈ પટેલ**
સામાવાળા નંબર (૩) તથા (૪) રહે. 'શાકુંતલ',
રાધા–ક્રિષ્ણ મંદીર પાછળ,
તા. જી. આણંદ.

<u>રજુઆત</u> : અરજદારો તરફે **યુનિયન પ્રતિનીધીશ્રી વિષ્ણુ મકવાણા.**
સામાવાળા નંબર (૧) તરફે **: કોઈ હાજર નથી.**

સામાવાળા નંબર (૨) થી (૪) તરફે : **વિ. વકીલશ્રી કે. એમ. શાહ**(આંક–૧૯ થી છુટા થતાં સામાવાળા નંબર (૨) તરફે : **વિ. વકીલશ્રી કે. બી. મજુમદાર** તથા **કુ. મિતલ ડી. બુચ**)

બાબત : એમ્પલોઈઝ કોમ્પેનસેશન હેઠળ વળતર રૂા. ૩,૧૨,૯૪૦/– મેળવવા બાબત.

// હુકમ //

(૧) અરજદારોએ હાલની અરજી આ કામના સામાવાળાઓ પાસેથી વર્કમેન કોમ્પેનસેશન એકટ હેઠળ અકસ્માત મૃત્યુ વળતરની રકમ રૂા. ૩,૧૨,૯૪૦/– મેળવવા માટે દાખલ કરેલ છે.

અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, અરજદાર નંબર (૧) ગુજરનાર ભુપેન્દ્રભાઈ કેસુરભાઈ પટેલના પત્ની તથા અરજદાર નંબર (૨) ગુજરનારના પુત્ર થાય છે અને બંને અરજદારો ગુજરનારના આશ્રિતો છે. ગુજરનાર સામાવાળા નંબર (૧) વાસુદેવ કેમિકલ્સમાં કાયમી કામદાર તરીકે ફરજો બજાવતાં હતાં. તારીખ : ૦૭/૦૬/૨૦૦૪ ના રોજ કંપનીમાં ગુજરનારનું ફરજ દરમ્યાન અને ફરજના ભાગરૂપે અકસ્માતમાં અવસાન થયેલ છે. કંપની રસાયણને લગતી ઉત્પાદન પ્રક્રિયામાં સંકળાયેલ હતી અને કંપનીમાં વિસ્ફોટ થતાં ગુજરનારનું તુરંત જ અવસાન થયેલ. ગુજરનાર એકાઉન્ટન્ટ તરીકે માસિક રૂા. ૫,૦૦૦/– ના પગારથી સામાવાળા કંપનીમાં નોકરી કરતાં હતાં અને અકસ્માત બનાવ સમયે ગુજરનારની ઉંમર ૪૭ વર્ષ હતી. વધુમાં એવી પણ રજુઆત કરેલ છે કે, ગુજરનારના અવસાન બાદ અરજદારો ખૂબ જ કફોડી પરીસ્થિતીમાં આવી ગયેલ છે તથા કોઈ વ્યકિત કમાતુ નથી તેમજ અરજદારોનું આવકનું કોઈ જ સાધન નથી. વધુમાં અકસ્માત બાબતે તારીખ : ૦૬/૦૮/૨૦૦૪ ના રોજ નોટીસ મોકલવામાં આવેલ જે તારીખ ૭–૧૦/૦૮/૨૦૦૪ ના રોજ રજીસ્ટર એ. ડી. તથા યુ.પી.સી. થી બજી ગયેલ છે. જેથી અરજદારો શિડયુલ મુજબ રૂા. ૩,૧૨,૯૪૦/– વળતર પેટે મેળવવા હકકદાર બને છે. વધુમાં એવી પણ રજુઆત કરેલ છે કે, અરજદારોએ કંપની તથા ભાગીદારો સાથે સમાધાન કરવા પ્રયત્નો કરેલ પરંતું એક ભાગીદારનું અવસાન થતાં તેમજ અન્ય બીજા ભાગીદારોએ સમાધાન માટે કોઈ પગલાં નહીં લેતાં સમાધાન શકય બનેલ નહીં. અરજદારોને ગુજરનારના પ્રોવિડન્ડ ફંડની રકમ, ગ્રેજયુઈટીની રકમ કે માસિક પગાર પણ ચુકવવામાં આવેલ નથી. વધુમાં કંપની રસાયણનો ધંધો કરતી હોવાથી કામદારોની સુરક્ષા અને સલામતી જાળવવાની જવાબદારી કંપનીની હોવા છતાં કંપનીએ કોઈ જ વ્યવસ્થા કરેલ ન હોવાથી કંપની

કામદારોની સુરક્ષા અને સલામતી જાળવવામાં નિષ્ફળ નીવડેલ છે. જેથી સામાવાળાઓ અરજદારોને ગુજરનારના અકસ્માત મૃત્યુ વળતર પેટે રૂા. ૩,૧૨,૯૪૦/– ચુકવવા જવાબદાર બને છે. આમ, અરજદારો તરફથી ઉપરોકત હકીકતોએ હાલની અરજી દાખલ કરી એવી દાદ માંગેલ છે કે, અરજદારોને સામાવાળાઓ પાસેથી ગુજરનારના અકસ્માત મૃત્યુ વળતર પેટે રૂા. ૩,૧૨,૯૪૦/– ૧૮% વ્યાજ સહીત વસુલ અપાવવા તથા નામદાર કોર્ટને યોગ્ય લાગે તેવી અન્ય દાદ અપાવવા હુકમ કરવા અરજ કરેલ છે.

(૨) સદરહું કામે અરજદારોએ પ્રોપર્ટી એટેચ કરવા સંબંધે મનાઈ હુકમ માંગતી અરજી આંક–૪ થી કરેલ હતી, જે બાદમાં નોટપ્રેસ કરેલ હતી.

(૩) આ કામના સામાવાળાઓને નોટીસની બજવણી થઈ ગયેલ હોવા છતાં સામાવાળા નંબર (૧) તરફે કોઈ જવાબ રજુ કરવામાં આવેલ નથી. જયારે સામાવાળા નંબર (૨) થી (૪) તરફે આંક–૧૨ થી અરજી રજુ કરી, વાસુદેવ કેમિકલ્સ કંપનીમાં ઠાકોરભાઈ સી. પટેલ તેમજ સામાવાળા નંબર (૨) થી (૪) ભાગીદાર તરીકે હતાં અને તારીખ : ૩૧/૦૩/૨૦૦૪ ના રોજ ભાગીદારો વચ્ચે ડીડ ઓફ રીટાયરમેન્ટ થયેલ તે મુજબ સામાવાળા નંબર (૨) થી (૪) કંપનીમાંથી ભાગીદાર તરીકે રીટાયર થયેલ છે અને ઠાકોરભાઈ સી. પટેલનું તારીખ : ૦૭/૦૬/૨૦૦૪ ના બનાવ સમયે અવસાન થયેલ છે. આમ, સામાવાળા નંબર (૨) થી (૪) કંપનીમાંથી ભાગીદાર તરીકે રીટાયર થયેલ હોવા છતાં તેઓને ખોટી રીતે આ કામે પક્ષકાર તરીકે જોડવામાં આવેલ છે જેથી તેઓને પક્ષકાર તરીકે રદ કરવા અરજ કરેલ છે. જે અરજી રીપ્લાય માટે રાખવામાં આવેલ. જે અરજી પરત્વે આજદીન સુધી કોઈ જવાબ આપવામાં આવેલ નથી. આ કામે આંક–૨૪ થી અરજદારને રૂા. ૧૨,૦૦૦/– એકાઉન્ટ પેઈ ચેકથી આપેલા અંગેની પુરસીસ રજુ થયેલ છે, જેમાં દક્ષાબેન પટેલની સહી છે. જે હકીકત રેકર્ડ ઉપર આવેલ છે. આંક–૧૨ ની અરજી સાથે જે ડીડ ઓફ રીટારમેન્ટ રજુ કરવામાં આવેલ છે તે ડીડ ઓફ રીટાયરમેન્ટમાં ઠાકોરભાઈ ચતુરભાઈ પટેલ સિવાયના અન્ય ત્રણ પાર્ટનરો રીટાયર્ડ થયેલાનો ઉલ્લેખ કરવામાં આવેલ છે અને ઠાકોરભાઈ ચતુરભાઈ પટેલને ચાલુ રહેનાર પાર્ટનર તરીકે દર્શાવવામાં આવેલ છે. અત્રેની અદાલતના નમ્ર મત મુજબ જો સામાવાળા વાસુદેવ કેમિકલ્સ પાર્ટનરશીપ ફર્મ હોય તો એક પાર્ટનરથી ચાલી શકતી નથી. દક્ષાબેન, ઠાકોરભાઈ પટેલના પત્ની હોય એવું લાગે છે. જે તમામ સંજોગો લક્ષમાં લેતા આંક : ૧૨ ની અરજી રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આ કામે આંક–૧૩ થી જયંતીભાઈ પટેલ ગુજરી ગયા અંગેની પુરસીસ આપવામાં આવેલ છે અને આંક–૧૫ થી જયંતીભાઈ પટેલના કાયદેસરના વારસોને સામાવાળા તરીકે જોડવા માટે અરજી આપવામાં આવેલ હતી, જે અરજી તારીખ : ૨૭/૧૨/૨૦૧૭ ના રોજ અરજદારના વકીલશ્રીએ નોટપ્રેસ કરેલ છે, જેથી આ અરજી પરત્વે અન્ય કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

(૫) આ કામે આંક–૨૫ થી સામાવાળા તરફે અરજદારની અરજીની મેઈન્ટેનીબિલીટી તથા જયરીડીકશન અંગેનો કાયદાકીય મુદ્દો ઉઠાવેલ છે. જે અરજી સંદર્ભે કોઈ જવાબ રજુ કરવામાં આવેલ નથી તથા અરજદારના પ્રતિનીધીશ્રી ધ્વારા તારીખ : ૧૬/૦૮/૨૦૧૮ ના રોજ ''સદરહું અરજીનો કોઈ જવાબ રજુ કરવાનો ન હોય યોગ્ય હુકમ કરવા મે. કરશોજી.'' તે મતલબનો શેરો થયેલ હોઈ આ અરજી પરત્વેનો નિર્ણય આખરી તબકકે મુદ્દાઓના નિર્ણય સાથે કરવાનું અત્રેની અદાલતે વાજબી માનેલ છે.

(૬) સદરહું કામે અરજદાર તરફે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

:: <u>મૌખિક પુરાવો</u> ::

૧.	આંક–૨૧	અરજદારની સોગંદ ઉપરની જુબાની.

:: <u>દસ્તાવેજી પુરાવા</u> ::

૧.	નિ. ૩/૧	ગુજરનાર ભુપેન્દ્રભાઈનું મરણનું પ્રમાણપત્ર.
૨.	નિ. ૩/૨	ગુજરનાર ભુપેન્દ્રભાઈની પી.એમ. નોટ.
૩.	નિ. ૩/૩	ગુજરનાર ભુપેન્દ્રભાઈનું રેશનકાર્ડ.
૪.	નિ. ૩/૪	અકસ્માત મોત નંબર : ૧૮/૨૦૦૪ ની એ.ડી. નોટ.
૫.	નિ. ૩/૫	લિગલ નોટીસ.

(૭) આ કામે સામાવાળાઓએ કોઈ પુરાવો રજુ કરેલ નથી. જેથી આંક–૩૪ ઉપર હુકમ પસાર કરી મારી અગાઉના એમ્પલોઈઝ કોમ્પેનસેશન કમિશ્નરશ્રીએ સામાવાળાનો પુરાવાનો હકક તારીખ : ૨૭/૦૧/૨૦૧૬ ના રોજ બંધ કરેલ હતો.

(૮) સદરહું કામ મારી અગાઉના એમ્પલોઈઝ કોમ્પેનસેશન કમિશ્નરશ્રીનાઓએ હુકમ ઉપર લીધેલ હતું. ત્યારબાદ આ કેસમાં મુદ્દા ફ્રેમ થયેલ ન હોય ફરીથી કામ બોર્ડ ઉપર લેવામાં આવેલ. આ કામે મારી અગાઉના એમ્પલોઈઝ કોમ્પેનસેશન કમિશ્નરશ્રીએ આંક–૩૬ થી મુદ્દા ઘડેલ હતાં.

અરજદાર તરફે આંક–૩૭ થી વધુ પુરાવા આપવા નથી, અગાઉ જે પુરાવા આપેલ છે તે ધ્યાને લેવા પુરસીસથી જાહેર કરેલ હતું.

(૯) આ કામે અગાઉ અરજદાર તરફે આંક–૨૭ થી ઈ.એસ.આઈ. કોર્પોરેશન પાસેથી દસ્તાવેજો મંગાવવા માટે અરજી આપેલ હતી, જે અરજી જવાબ તથા સાંભળવાના તબકકે રાખવામાં આવેલ હતી. આ કામે ઈ.એસ.આઈ. તરફે વાસુદેવ કેમિકલ્સ, નંદેસરીનું યુનીટ તારીખ : ૦૭/૦૬/૨૦૦૪ થી બંધ થયેલ છે તે મતલબનો તથા અલગથી ગાયત્રીબેનના પતિ વાસુદેવ કેમિકલ્સના કામદાર હશે પરંતું માલિકે તેમના માટે કોઈ ડેકલેરેશન ફોર્મ સબ્મીટ કરેલ નથી, જેથી તેઓ ઈન્સ્યોર્ડ પર્સન નથી તે મતલબની વિગત જણાવેલ છે. આ જવાબ રેકર્ડ ઉપર આવી ગયા બાદ એવું નજરે ચઢેલ છે કે, આંક–૨૭ ની અરજી ઉપર અરજદારના વકીલશ્રીએ તારીખ : ૨૭/૦૭/૨૦૧૭ ના રોજ અરજી પ્રેસ કરતા નથી તેવો શેરો કરેલ છે જે સંજોગોમાં હાલની અરજી પરત્વે કોઈ હુકમ કરવાની આવશ્યકતા જણાતી નથી.

(૧૦) આ કામના નિર્ણય માટે મારી અગાઉના વર્કમેન કમિશ્નરશ્રીએ આંક–૩૬ થી નીચે મુજબના મુદ્દાઓ ફ્રેમ કરેલ હતાં.

(૧) શું અરજદારો સાબિત કરે છે કે, તેઓ ગુજરનારના કાયદેસરના આશ્રિત છે ?

(૨) શું અરજદારો પુરવાર કરે છે કે, અકસ્માત સમયે ગુજરનાર અને સામાવાળાઓ વચ્ચે શ્રમયોગી અને માલિકના સંબંધો હતાં ?

(૩) શું અરજદારો સાબિત કરે છે કે, ગુજરનારનું મૃત્યુ સામાવાળાઓની નોકરી દરમ્યાન થયેલું ?

(૪) શું અરજદારો સાબિત કરે છે કે, અકસ્માત સમયે અરજીમાં જણાવ્યા મુજબ ગુજરનારની ઉંમર અને આવક હતાં ?

(૫) શું અરજદારો સાબિત કરે છે કે, તેઓ સામાવાળાઓ પાસેથી માંગ્યા મુજબ વળતરની રકમ મેળવવા હકકદાર છે ? જો હા, તો કેટલી ?

(૬) શું અરજદારો પુરવાર કરે છે કે, તેઓ સામાવાળાઓ પાસેથી વળતર ઉપરાંત વ્યાજ, પેનલ્ટી તથા ખર્ચની રકમ મેળવવા હકકદાર છે ? જો હા, તો કેટલી ?

(૭) આખરી હુકમ શું હોઈ શકે ?

(૧૧) ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા ન્યાયીક નિર્ણયો હવે પછી કરવામાં આવેલ ચર્ચાને અંતે નીચે મુજબ છે.

:: <u>નિ ર્ણ યો</u> ::

(૧) હકારમાં

(૨) નકારમાં.

(૩) હકારમાં.

(૪) ગુજરનારનો માસિક પગાર રૂા. ૪૦૦૦/– અને ઉંમર ૪૬ વર્ષ.

(૫) નકારમાં

(૬) નકારમાં

(૭) આખરી હુકમ મુજબ.

(૧૩) <u>મુદ્દા નંબર (૧)</u> :

અરજદાર તરફે આંક–૨૧ થી સોગંદ ઉપર જુબાની આપેલ છે તેમાં તેઓએ એ મતલબની વિગત જણાવેલ છે કે , હિરેન ભુપેન્દ્રભાઈ પોતાનો પુત્ર થાય છે. તેમના પતિ સામાવાળા નંબર (૧) માં ફરજ બજાવતાં હતાં. તેમના પતિ એકાઉન્ટન્ટ હતાં. તારીખ : ૦૭/૦૬/૨૦૦૪ ના રોજ સામાવાળા નંબર (૧) સંસ્થામાં આગ લાગેલી અને મારા પતિ ત્યારે ફરજ ઉપર હતાં તે આગમાં ભડથું થઈ ગયેલાં. મારા પતિનું સ્થળ ઉપર જ મૃત્યુ થયેલું. નિ. ૩/૧ થી મરણનો દાખલો રજુ કરેલ છે અને નિ. ૩/૩ થી રેશનકાર્ડ રજુ કરેલ છે. નિ. ૩/૧ થી રજુ થયેલ મરણનો દાખલો જોતા ભુપેન્દ્રભાઈ કેસુરભાઈ પટેલના મરણનો દાખલો છે. નિ. ૩/૨ રજુ થયેલ પોસ્ટમાર્ટમ રીપોર્ટ જોતા તે ભુપેન્દ્રભાઈ કેસુરભાઈના શબ પરીક્ષણને લગતો રીપોર્ટ છે. જે પોસ્ટમાર્ટમ રીપોર્ટ તથા મરણનો દાખલો જોતા ભુપેન્દ્રભાઈ કેસુરભાઈ પટેલ ગુજરી ગયેલાનું પુરવાર થાય છે. નિ. ૩/૩ થી જે રેશનકાર્ડ રજુ થયેલ છે. તેમાં કાર્ડ ધારકનું નામ ભુપેન્દ્રભાઈ કેસુરભાઈ પટેલ લખવામાં આવેલ છે અનુક્રમ નં. ૨ ઉપર ગાયત્રીબેન ભુપેન્દ્રભાઈ લખવામાં આવેલ છે અને કાર્ડ ધારક સાથેના સંબધમાં પત્ની લખવામાં આવેલ છે. અનુક્રમ નં. ૪ ઉપર હિરેનભાઈ ભુપેન્દ્રભાઈ લખવામાં આવેલ છે. અને કાર્ડ ધારક સાથેના સંબધમાં પુત્ર લખવામાં આવેલ છે. જે હકીકતમાં આ કામના અરજદારો ગુજરનારના પત્ની તથા પુત્ર થતા હોઈ કામદાર

વળતર ધારાની કલમ ૨ (ડી) મુજબ આશ્રિતની શ્રેણીમાં આવતા હોઈ મુદદા નંબર – ૧ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

(૧૪) <u>મુદ્દા નંબર (૨)</u> :

અરજદાર તરફે આંક–૨૧ થી સોગંદ ઉપર જુબાની આપેલ છે. તેમાં એ મતલબની વિગત જણાવેલ છે કે , સામાવાળા નંબર (૧) કંપની નંદેસરીમાં આવેલ છે. સામાવાળા નંબર (૨) સામાવાળા નંબર (૧) ના માલિક છે. સામાવાળા નંબર (૩) ભાગીદાર હતાં, જેઓ હાલ ગુજરી ગયેલ છે અને સામાવાળા નંબર (૪) પણ સામાવાળા નંબર (૧) માં ભાગીદાર હતાં. મારા પતિ સામાવાળા નંબર (૧) માં ફરજ બજાવતાં હતાં. મારા પતિ એકાઉન્ટન્ટ હતાં. તારીખ : ૦૭/૦૬/૨૦૦૪ ના રોજ સામાવાળા નંબર (૧) સંસ્થામાં આગ લાગેલી અને મારા પતિ ત્યારે ફરજ ઉપર હતાં તે આગમાં ભડથું થઈ ગયેલાં. મારા પતિનું સ્થળ ઉપર જ મૃત્યુ થયેલું. અરજદારના પતિના પોસ્ટમોર્ટમ માટે આરોગ્ય કેન્દ્ર સાગરડા લઈ ગયેલાં. નિ. ૩/૧ થી મરણનો દાખલો રજુ કરેલ છે. હાલના મુદદામાં અદાલતે એ નકકી કરવાનું છે કે શું ગુજરનાર અને સામાવાળા નં. ૧ થી ૪ વચ્ચે અકસ્માત વખતે કામદાર માલિકના સંબધો હતા કે કેમ ? આ કામે સામાવાળા તરફે ગુજરનારને કામદાર વળતર ધારા મુજબના કામદાર ગણી શકાય નહી એવી સ્પેશીફીક રજુઆત કરેલ છે. જે સંજોગોમાં કામદાર વળતર ધારામાં કામદારની જે વ્યાખ્યા આપવામાં આવેલ છે તેનો ઉલ્લેખ કરવો જરૂરી થઈ પડે છે.

Section 2 (n) "workman" means any person (other than a person whose employment is of a casual nature and who is employed otherwise than for the purposes of the employer's trade or business) who is--

(i) a railway servant as defined in section 3 of the Indian Railways Act, 1890 (9 of 1890), not permanently employed in any administrative, district or sub- divisional office of a railway and not employed in any such capacity as is specified in Schedule II, or

(ii) employed [1 2] in any such capacity as is specified in Schedule II. whether the contract of employment was made before or after the passing of this Act and whether such contract is expressed or implied, oral or in writing; but does not include any person working in the capacity of a member of [3] the Armed Forces of the Union] [4] ; and any reference to a workman who has been injured shall, where the workman is dead, include a reference to his dependants or any of them.

કામદાર વળતર ધારામાં જે શિડયુલ્ડ –૨ આપવામાં આવેલ છે તે નીચે મુજબ છે.

SCHEDULE II

[See section 2 (1) (n)]
LIST OF PERSONS WHO, SUBJECT TO THE PROVISIONS OF SECTION 2 (1) (n), ARE INCLUDED IN THE DEFINITION OF WORKMEN
The following persons are workmen within the meaning of section 2 (1) (n) and subject to the provisions of that section, that is to say,
any person who is--
1*[2*[(i) employed, otherwise than in a clerical capacity or on a railway, in connection with the operation or maintenance of a lift or a vehicle propelled by steam or other mechanical power or by electricity or in connection with the loading or unloading of any such vehicle; or
(ii) employed, otherwise than in a clerical capacity, in any premises wherein or within the precincts whereof a manufacturing process as defined in clause (k) of section 2 of the Factories Act, 1948 (63 of 1948), is being carried on, or in any kind of work whatsoever incidental to or connected with an y such manufacturing process or with the article made 3*[whether or not employment in any such work is within such premises or precincts], and steam, water or other mechanical power or electrical power is used; or
(iii) employed for the purpose of making, altering, repairing, ornamenting, finishing or otherwise adapting for use, transport or sale any article or part of an article in any premises wherein or within the precincts where of twenty or more persons are so employed; 4***
3*[Explanation.--For the purposes of this clause, persons employed outside such premises or precincts but in any work incidental to, or connected with, the work relating to making, altering, repairing, ornamenting, finishing or otherwise adapting for use, transport or sale any article or part of an article shall be deemed to be employed within such premises or precincts; or]

કામદાર / કર્મચારી વળતર ધારાની ઉપરોકત જોગવાઈઓ ઘ્યાને લેતા કલેરીકલ કેપેસીટીનુ કામ કરતા વ્યકિતને કામદાર ગણી શકાતા નથી. આ કામના ગુજરનાર વ્યકિત એકાઉન્ટન્ટ હતા જે કામગીરી કલેરીકલ પ્રકારનીજ ગણી શકાય. નામદાર ગુજરાત હાઈકોર્ટનાઓએ પણ ફસ્ટ અપીલ નં. ૨૩૦૩ ઓફ ૧૯૯૩ ના કામે તારીખ ૧૩/૦૬/૨૦૧૬ ના રોજ આપેલ જજમેન્ટમાં પેરા નંબર – ૪ માં સ્પષ્ટ ઠરાવેલ છે કે, "The law is well settled that a person working as a Clerk cannot be treated as a workman so as to entitle him or his heirs for compensation under W.C. Act." જે સંજોગોમાં ગુજરનાર કે જે એકાઉન્ટન્ટ તરીકેની / કલેરીકલ કેપેસીટીમાં કામ કરતા હતા તેને કામદાર ગણી શકાતા ન હોય , ગુજરનાર અને સામાવાળા નં. ૧ થી ૪ વચ્ચે

કામદાર –માલિકના સંબધો (કામદાર વળતર ધારા હેઠળ પુરતા) પ્રસ્થાપિત થયેલા ગણી શકાતા નથી. જે સંજોગોમાં મુદદા નંબર– ૨ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

(૧૫) **<u>મુદ્દા નંબર (૩)</u> :**

અરજદાર તરફે આંક–૨૧ થી સોગંદ ઉપર જુબાની આપેલ છે. તેમાં એ મતલબની વિગત જણાવેલ છે કે , મારા પતિ એકાઉન્ટન્ટ હતાં. તારીખ : ૦૭/૦૬/૨૦૦૪ ના રોજ સામાવાળા નંબર (૧) સંસ્થામાં આગ લાગેલી અને મારા પતિ ત્યારે ફરજ ઉપર હતાં તે આગમાં ભડથું થઈ ગયેલાં. મારા પતિનું સ્થળ ઉપર જ મૃત્યુ થયેલું. અરજદારના પતિના પોસ્ટમોર્ટમ માટે આરોગ્ય કેન્દ્ર સાગરડા લઈ ગયેલાં. નિ. ૩/૧ થી મરણનો દાખલો રજુ કરેલ છે. નિ. ૩/૪ થી ફરીયાદ રજુ કરેલાંનું જણાવેલ છે (કે જે હકીકતમાં અકસ્માત નોંધ છે.) ઉપરોકત હકીકત ઉપરથી સિધ્ધ થાય છે કે ગુજરનારનુ મુત્યુ નોકરી દરમ્યાન થયેલ હતું .આ મુદદામાં ફકત ગુજરનારનું મૃત્યું નોકરી દરમ્યાન થયેલ છે કે કેમ? એટલુ જ નકકી કરવાનું હોઈ, જેથી મુદદા નં. ૩ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

(૧૬) **<u>મુદ્દા નંબર (૪)</u> :**

આ કામે અરજદારે આંક–૨૧ ની જુબાની દરમ્યાન ગુજરનારને માસિક રૂા. ૫૦૦૦/– પગાર મળતો હોવાનું અને ગુજરી ગયા ત્યારે ગુજરનાર ૪૮ વર્ષની ઉંમરના હતાં તેવી હકીકત જણાવેલ છે. અરજદારે જણાવેલી આ હકીકતથી વિપરીત કહી શકાય એવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. તા. ૭/૬/૨૦૦૪ વખતે કામદાર વળતર ધારા અન્વયે મહતમ પગાર રૂા. ૪૦૦૦/– ગણવામાં આવતો હતો. જેથી ગુજરનારનો પગાર રૂા. ૪,૦૦૦/– હોવાનું ગણવામાં આવે છે. અરજદારે નિશાની ૨૬/૧ થી ગુજરનારનું લીવીગ સર્ટીફીકેટ રજુ કરેલ છે. જેમાં ગુજરનારની જન્મ તારીખ ૧૦/૭/૧૯૫૭ દર્શાવવામાં આવેલ છે. હાલનો અકસ્માત તારીખ : ૦૭/૦૬/૨૦૦૪ ના રોજ થયેલ છે. જે હકીકતમાં અકસ્માત સમયે ગુજરનારની ઉંમર ૪૬ વર્ષ ૧૦ માસ અને ૨૮ દિવસ થાય, કામદાર વળતર ધારા હેઠળ છેલ્લી વર્ષગાંઠે પુર્ણ થયેલ ઉંમર ધ્યાનમાં લેવાની રહેતી હોઈ અકસ્માત સમયે ગુજરનારની ઉંમર ૪૬ વર્ષ હોવાનું ઠરાવવામાં આવે છે. જે હકીકતમાં ગુજરનારનો પગાર રૂા. ૪,૦૦૦/– હોવાનું માનવામાં આવે

છે. આમ, ઉપરોકત ચર્ચાને અંતે **મુદ્દા નંબર (૪)** નો જવાબ ''**ગુજરનારનો માસિક પગાર રૂા. ૪,૦૦૦/– અને ઉંમર ૪૬ વર્ષ**'' ઠરાવવામાં આવે છે.

(૧૭) **<u>મુદ્દા નંબર (૫) અને (૬)</u> :**

આ કામે મુદ્દા નંબર ૨ નો જવાબ હકારમાં આવેલ છે, જે સંજોગોમાં કામદાર વળતર ધારા મુજબ ગુજરનાર અને સામાવાળા વચ્ચે કામદાર અ માલિકના સંબધો ગણાઈ શકતા ન હોઈ અરજદારો સામાવાળા પાસેથી વળતર પેટે કોઈ રકમ મેળવવા હકકદાર થતા નથી જેથી મુદદા નંબર – ૫ નો જવાબ નકારમાં આપવામાં આવે છે. અરજદારો જયારે વળતર મેળવવા જ હકકદાર થતા ન હોઈ , વ્યાજ કે પેનલ્ટી પેટે પણ કોઈ રકમ મેળવવા હકકદાર બનતા નથી જેથી મુદદા નંબર– ૬ નો જવાબ પણ નકારમાં આપવામાં આવે છે. અને મુદદા નંબર – ૭ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

// <u>આખરી હુકમ</u> //

(૧) અરજદારનો હાલનો વર્કમેન કોમ્પેન્સેશન ફેટલ કેસ નંબર : ૯૨/૨૦૦૪ આથી નામંજુર કરવામાં આવે છે.

(૨) સંજોગો જોતા ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજ રોજ તારીખ : ૨૬ મી, માહે : સપ્ટેમ્બર, સને: ૨૦૧૮ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

વડોદરા.
તારીખ : ૨૬/૦૯/૨૦૧૮

(કલ્પેશ કેદારનાથ ત્રિવેદી)
કમિશ્નર ફોર વર્કમેન કોમ્પેનસેશન
એકટ એન્ડ જજ, લેબર કોર્ટ નં.૩,વડોદરા.
(જજ કોડ નં.જી.જે.૦૦૭૬૮)